



ગાંધીનગર કલ્ચર ફોરમના નવરાત્રી મહોત્સવમાં છેલ્લા નવમા નોરતે મા નવદુર્ગાની ભક્તિનું પર્વ દેશભક્તિનું પર્વ પણ બની રહ્યું. નવરાત્રીના છેલ્લા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમના જીસીએફ ગ્રાઉન્ડમાં રાધે રાધે પરિવારના સહયોગથી તિરંગા શૌર્ય મહાયાત્રાનું આયોજન કરાયું હતું. ગરબાના અંતે ૧૫૫૧ ફૂટ લાંબા અને ૧૦ ફૂટ પહોળા વિશાળ રાષ્ટ્રધ્વજ સાથે ગ્રાઉન્ડમાં ઉપસ્થિત સૌ ખેલૈયાઓએ તિરંગા શૌર્ય મહાયાત્રા કાઢી હતી. ખેલૈયાઓએ ઊંચા હાથે વિશાળ તિરંગાને આખા ગ્રાઉન્ડ ફરતે લહેરાવ્યો હતો. ગ્રાઉન્ડમાં ઉપસ્થિત હજારો ખેલૈયાઓ સ્વયંભૂ રીતે તિરંગા શૌર્ય મહાયાત્રામાં જોડાયા હતા. 'વંદે માતરમ' ના જયઘોષ અને 'ભારતમાતાના જયનાદ' થી સમગ્ર વાતાવરણમાં દેશભક્તિનો રોમાંચ પ્રસરી ગયો હતો. ઉપસ્થિત હજારો ખેલૈયાઓની આંખોમાંથી દેશભક્તિનીની ભાવના અશ્રુ બનીને વહી રહી હતી. ઉપસ્થિત હજ્જારો ખેલૈયાઓ અને લોકોએ રાષ્ટ્રધ્વજ માથે લઈને દેશ પ્રત્યેના પોતાના કર્તવ્ય અને ફરજોના પાલનની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.











## વિશ્વ પ્રસિદ્ધ રૂપાલ વરદાયિની માતાની પલ્લી : લાખો લિટર ઘીનો અભિષેક કરાયો

વિશ્વ પ્રસિદ્ધ રૂપાલ વરદાયિની માતાની સદીઓની પરંપરા મુજબ પલ્લી નીકળી હતી. જેમાં લાખો લિટર ઘીનો અભિષેક કરાયો હતો. નવરાત્રીમાં જેટલા ગુજરાતના ગરબા વખણાય છે એટલી જ રૂપાલની પલ્લી પણ પ્રખ્યાત છે. માતાની પલ્લી પર લાખો લિટર ઘી ચઢાવાયુ હોય અને એની નદીઓ ગામની ગલીઓમાં વહેતી હોય એવાં દશ્યો રૂપાલમાં જ જોવા મળે છે. રૂપાલની પલ્લી જોવા માટે દેશ-વિદેશમાંથી માઈભક્તો આવ્યા હતા. આસો સુદ નોમની રાત્રે સદીઓની પરંપરા અનુસાર વરદાયિની માતાજીની પલ્લી નીકળી હતી અને માઈભક્તો શ્રદ્ધાપૂર્વક મોડી રાત્રે માતાજીના દર્શનાર્થે ઉમટ્યા હતા.

# પોલીસી ડ્રિવન સ્ટેટ થકી ગુજરાતના વિકાસે પકડી રફ્તાર

### ગુજરાત પોલિસી ડ્રીવન સ્ટેટ

ગુજરાતને વિકાસના પથ પર અગ્રેસર કરવા માટે તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ, રાજ્યમાં અસરકારક નીતિઓ લાવીને એક નવી દિશા સ્થાપિત કરી હતી. અને ગુજરાતને એક પોલિસી ડ્રીવન સ્ટેટ બનાવ્યું છે. ત્યારબાદ રાજ્યમાં એપરલ પોલિસી, સોલાર પોલિસી, ઔદ્યોગીક પોલીસી, સ્ટાર્ટઅપ પોલિસી જેવી અનેક પોલીસીઓ બનાવી છે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે, આ કડીમાં આગળ વધતા મહત્વપૂર્ણ નીતિઓ જાહેર કરીને ગુજરાતને પોલિસી આધારિત રાજ્ય બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. જેમાં મુખ્ય IT&ITeS, બાયોટેક, સ્પોર્ટ્સ, સેમી કંડક્ટર, ડ્રોન, તેમજ SSIP 2.0 પોલિસી જાહેર કરીને મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે.

### ગુજરાત બાયોટેક્નોલોજી પોલિસી

- બાયોપ્લાસ્ટિકસથી લઈને જિન સ્પ્લાઈસીંગ અને સ્ટેમ સેલ થેરાપી જેવા ક્ષેત્રોમાં આ પોલિસી પ્રોત્સાહક બનશે. રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્રે ૨૦,૦૦૦ કરોડથી વધારેનું મૂડી રોકાણ થવાની સંભાવના
- રાજ્યમાં ૫૦૦થીવધારેઉદ્યોગોનેઆપોલિસીમાંથી સહાય અપાશે
- ૧ લાખ ૨૦ હજારથી વધુ નવા રોજગાર અવસરોની સંભાવના
- ઈલેકટ્રિસિટી ડ્યુટી ઉપર ૧૦૦% વળતર

### નવી IT પોલિસી

- IT સેક્ટરમાં ગુજરાતની વાર્ષિક IT નિકાસ ૩ હજાર કરોડથી વધારીને ૨૫ હજાર કરોડ સુધી લઈ જવાનો લક્ષ્ય
- તમામ પાત્ર IT-ITeS એકમોને ૧૦૦ ટકા ઈલેકટ્રિસિટી ડ્યુટીનું વળતર અપાશે
- રાજ્યમાં એક સુદ્રઢ કલાઉડ ઈકોસિસ્ટમ સ્થાપિત કરીને આર્ટિફિશયલ ઈન્ટેલીજન્સ-મશીન લર્નીંગ-ક્વોન્ટમ કોમ્પ્યુટીંગ-બ્લોકચેન જેવી નવી ઉભરતી ટેક્નોલોજીમાં રિસર્ચ-ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાનો ધ્યેય
- સમગ્ર દેશમાં પ્રથમવાર ગુજરાતની આઈ.ટી પોલિસીમાં CAPEX-OPEX કેપિટલ એક્સપેન્ડીચર-ઓપરેશનલ એક્સપેન્ડિચર મોડલનો યુનિક કોન્સેપ્ટ
- ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઉદ્યોગો માટે તૈયાર કુશળ પ્રતિભાઓના અગ્રણી સ્રોત બનવા રાજ્યમાં આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ સ્કૂલ-આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરાશે

### નવી રમતગમત નીતિ

- ગુજરાત સરકારની નવી સ્પોર્ટ્સ પોલિસીથી રગ્બી, બોલ હોકી, ઈસ્પોર્ટ્સ વગેરે જેવી ઓલિમ્પિક-સ્તરની વધારે રમતોને પ્રોત્સાહન મળશે.
- નવી ખેલકૂદ નીતિ અંતર્ગત ગુજરાતમાં સ્પોર્ટ્સ કલ્ચર વિકસિત થશે
- એથ્લેટ અને પેરાએથ્લેટને રોકડ પુરસ્કાર આપવામાં ગુજરાત અગ્રણી બનશે
- ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બનશે જ્યાં સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ કલસ્ટર સ્થાપિત કરાશે
- પેરાએથ્લિટ કેન્દ્રિત હાઈ પરફોર્મન્સ સેન્ટર સ્થાપિત કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બનશે
- ગુજરાતમાં ૪ નવા વર્લ્ડ કલાસ હાઈ પરફોર્મન્સ સેન્ટર બનશે

### નવી ડ્રોન નીતિ

- રાજ્યમાં કાર્યક્ષમતા વધારવા તેમજ સેવાઓની ડીલીવરી માટે ડ્રોનના ઉપયોગને પ્રોત્સાહન આપી મેન્યૂફેકચરીંગ અને ઈનોવેશન સહિતની વાયબ્રન્ટ ડ્રોન ઈકો સિસ્ટમનું નિર્માણ કરવાનો આ નીતિનો ઉદ્દેશ્ય છે. આ પોલિસીથી ૨૫ હજાર જેટલી પ્રત્યક્ષ, પરોક્ષ રોજગારીનું સર્જન કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- સરકારના ગૃહ, ખેતી, ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, શ્રમ અને રોજગાર, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ, શહેરી વિકાસ, આપત્તિ વ્યવસ્થાપ સત્તામંડળ, વન, મહેસૂલ, સિંચાઈ તેમજ માર્ગ અને મકાન વિભાગમાં વિવિધ કામગીરી માટે ડ્રોનનો અસરકારક ઉપયોગ કરવા માટે આ પોલિસીમાં જોગવાઈ કરવામાં આવી છે.

### ● ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી

- રાજ્યમાં સ્થાનિક સેમિકન્ડક્ટર ચીપ ઉત્પાદન ક્ષેત્રે ઝડપી અને સમાવેશી વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી ૨૦૨૨ થી ૨૦૨૭ જાહેર કરવામાં આવી




છે. આ પોલિસી થકી આગામી પાંચ વર્ષમાં બે લાખ જેટલી રોજગારીનું સર્જન થશે.
- આ પોલિસી અંતર્ગત ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિઝીયન(ધોલેરા સર) ખાતે ધોલેરા સેમિકોન સીટી સ્થાપવામાં આવશે અને પાત્રતા ધરાવતા પ્રોજેક્ટ્સને પ્રથમ ૨૦૦ એકર જમીન ખરીદી પર ૭૫% સબસિડી અને ફેબ પ્રોજેક્ટ અથવા અપસ્ટ્રીમ/ડાઉનસ્ટ્રીમ તથા ISM હેઠળ મંજૂર થયેલા અન્ય પ્રોજેક્ટ્સ માટે જરૂરી વધારાની જમીન ઉપર ૫૦ ટકા સબસિડી આપવામાં આવશે.

### સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP-2.0)

- આ વર્ષની શરૂઆતમાં "સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP-2.0)" લોન્ચ કરવામાં આવી છે.
- આ નીતિમાં રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં સક્રિય ઈનોવેશન અને ઈક્યુબેશન સેન્ટરની સ્થાપના માટેની જોગવાઈઓ છે.
- નીતિનો ઉદ્દેશ્ય ૧,૦૦૦ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને ૧૦,૦૦૦ ઈનોવેશન અને એન્ટરપ્રેન્યોરશિપ શાળાઓમાં ૫૦ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવાનો છે.

## કલોલ તાલુકામાં બે કેસ કોરોનાના નોંધાયા : ૭ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૫

બે દિવસના વિરામ બાદ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના સંક્રમણનો પોઝીટીવીટી રેટ ૧ ટકાથી નીચે છે જો કે સંવેદનશીલ વિસ્તારો અને તાલુકાઓમાંથી છુટા છવાયા કેસો મળી રહ્યા છે. તંત્રએ પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કર્યો છે.

શહેર-જિલ્લામાં આ વેળાએ કોરોનાના હળવા લક્ષણો વધુ જોવા મળ્યા હોવાથી લોકોએ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ સ્વીકાર્યો છે.

શહેર-જિલ્લામાં આજે ૭ દર્દીઓ કોરોના મુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# શહેરી વિસ્તારના ગામોમાં પાણીના નવા ૧૬ સ્ટેન્ડ પોસ્ટ મુકાશે

## પાણીના સ્ટેન્ડ પોસ્ટ મુકવાના મામલે સ્થાનિકોમાં વિરોધ

શહેરમાં સમાવિષ્ટ પૈકીના ધોળાકુવા, આદિવાડા અને ગોકુળપુરામાં પાણીના સ્ટેન્ડ મુકવાના મામલે વિવાદિત સ્થિતિ સર્જાઈ છે તંત્ર અહીં સ્ટેન્ડ પોસ્ટ મુકીને પાણી આપવાની તૈયારી દર્શાવામાં આવી છે પરંતુ સ્થાનિકોમાં સ્ટેન્ડ પોસ્ટ મુકવાના મામલે વિરોધનો વંટોળ ઉભો થયો છે . ઉપરોક્ત ગામડા અને છાપરાઓના વિસ્તારમાં ૪૩ સ્ટેન્ડ પોસ્ટ હતા અને નવા ૧૦ બનાવાયા છે. ઉપરાંત વધુ ૧૬ સ્ટેન્ડ આપવાનું આયોજન છે

ગાંધીનગરમાં દેશમાં સૌથી વધુ માથાદિઠ ૨૪૩ લીટર જેટલો પાણીનો વપરાશ છે છતાં અહીં ઓછા દબાણથી પાણી મળવાની અને ક્યારેક પાણી નહીં મળવાની પોકાર ઉઠતી રહે છે પાટનગરમાં ૫૮,૩૮૧ મિલકત સામે ૪૨,૩૦૦ નળ જોડાણ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગામડા અને સ્લમ સિવાયના કોઈ વિસ્તારમાં આવેલા ઘરમાં નળનું જોડાણ નહીં હોવાની સ્થિતિ નથી. મિલકત સામે નળ જોડાણની સંખ્યા એટલા માટે ઓછી દેખાય છે કે, એપાર્ટમેન્ટમાં ફ્લેટની સંખ્યા ઘણી હોય છે પરંતુ ત્યા અપાયેલા જોડાણને ૧ જ ગણવામાં આવે છે. કુલ નળ જોડાણની સંખ્યા ૪૨, ૩૦૦માં પણ બિન રહેણાંકના ૭૯૧ જેટલી છે

સરકારી જોગવાઈ મુજબ ઘરમાં પાણીનું જોડાણ ન હોય તો તે ઘરથી ૫૦ મીટરના અંતરે સ્ટેન્ડ પોસ્ટ આપવા જોઈએ. કોઈ ઘર પાણીના જોડાણ વગરનું રહે નહીં તેના માટે સરકારે નલ સે જલ યોજના અમલી કરી છે.

આગામી દિવસોમાં યોજનાની પ્રગતિ અને અમલવારી સંબંધે સમિક્ષા કરવામાં આવનાર હોવાથી મહાપાલિકા અને પાટનગર યોજના વિભાગના ઈજનેરો હરકતમાં આવી ગયાં છે. ધોળાકુવામાં નવા ૪ સ્ટેન્ડ, ગોકુળપુરામાં ૩ સ્ટેન્ડ અને આદિવાડા વિસ્તારમાં નવા ૧ સ્ટેન્ડ પોસ્ટ આપવાના થાય છે ઘર પાસે સ્ટેન્ડ પોસ્ટથી ગંદકી અને માથાકુટના પ્રશ્નો થવાથી વિરોધ થતો હોવાના કારણે તેનું નિરાકરણ લાવવા માટે મહાપાલિકા દ્વારા જે તે વિસ્તારના નગર સેવકોની દરમિયાનગીરી પણ કરશે જેના અંતે સ્ટેન્ડ પોસ્ટ મુકવાની કામગીરી હાથ ધરાશે

### સરકારી આવાસોના ભાડા સંદર્ભે

# બાકીદારોની યાદી ઓનલાઈન કરવાની યોજના હજુ અદ્ધરતાલ

## અગાઉ પ્રતીક્ષા યાદી ઓનલાઇન કરવામાં આવ્યા બાદ આ પ્રક્રિયા પણ અપગ્રેડ કરવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ કાંઈ થયું નથી

ગાંધીનગરમાં સરકારી અધિકારી-કર્મચારીઓને ફાળવવામાં આવતા આવાસો સંદર્ભે પ્રતિક્ષા યાદી ઓનલાઈન કરવામાં આવી છે પરંતુ સરકારી આવાસમાં રહેતા કે ભાડાની રકમ નહીં ભરતા બાકીદારોની યાદી ઓનલાઈન કરવામાં આવી નથી બાકીદારોની યાદી ઓનલાઈન થવાથી તે વાત ચર્ચાનો વિષય બનવાથી આ સમસ્યાને ઘણે અંશે નિવારી શકાશે.તેવો પણ સુર ઉઠવા પામ્યો છે

સરકારી આવાસની ફાળવણી કરવામાં અને ભાડાની વસૂલાત કરવાની કામગીરીમાં પારદર્શકતા ના જળવાતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે જયારે તંત્ર સામે પણ સવાલો મંડરાયા છે આ સંબંધિ સમગ્ર પ્રક્રિયામાં બદલાવ માટે મંત્રી કક્ષાએથી પણ તાકીદ કરવામાં આવી હતી. આમ છતાં આ મુદ્દો લાંબા સમય સુધી કાગળ પર જ રહ્યાં પછી તેને ગંભીર ગણીને સમગ્ર પ્રક્રિયાનું કોમ્પ્યુટિકરણ કરવાનો નિર્ણય લેવાયો હતો અને સોફ્ટવેર નિષ્ણાતો સાથે બેઠકો યોજીને તેમને કામગીરી સમજાવાયા બાદ સોફ્ટવેર બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સોફ્ટવેરે પરિક્ષણના પરિણામ હકારાત્મક મળવાના પગલે આ કામગીરી સાથે સંકળાયેલા સંબંધિત શાખાઓનાં કર્મચારીઓને કોમ્પ્યુટર સોફ્ટવેર સંબંધિ તાલીમ આપી દેવામાં આવી હતી. શરૂઆતના તબક્કે સરકારી આવાસની પ્રતિક્ષા યાદીને ઓનલાઈન કરવામાં આવ્યા પછી હવે આવાસની ફળવણી અને ભાડા વસૂલાતની કામગીરીનું પણ કોમ્પ્યુટિકરણ કરવામાં આવશે. સૌથી સારી વાત એ બની છે કે પ્રતિક્ષા યાદી ઓનલાઈન થવાના કારણે પાટનગર યોજના વિભાગનાં મુખ્ય મથક અને સેકટરની ઈક્વાયરી કચેરી પર જઈને આવાસ ખાલી પડ્યાની માહિતી મેળવવાની બદલે આ વિગતો પણ આંગળીના ટેરવે આવી જાશે . તેઓને પોતાના ઘરે અથવા કામના સ્થળે બેઠા રહીને પણ અને સરકારી કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને જ આ સંબંધિ માહિતી મળે છે. પરંતુ ભાડું નહીં ભરનારા સામે થતી કાર્યવાહીમાં હજુ જૂની પ્રથા યથાવત છે . બાકીદારોની યાદી ઓનલાઈન કરવાની વાત હજુ પણ અદ્ધરતાલ છે

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com